LATEST EDITION

GPSC 1/2, PSI/CONSTABLE, STI, Dy.SO, Dy.મામલતદાર, Sr.Clerk, ATDO, તલાટી, TET, TAT
બિનસચિવાલય કલાર્ક વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

ગુજરાતી સાહિત્ય

285 સાહિત્યકારોનું આલેખન

- આપણું ઘરેણું

DEMO COPY

- પાઠ્ય પુસ્તક ધો. 6 થી 12ના સાહિત્યકારોનો સમાવેશ
- સાહિત્ય સંસ્થાઓ, સર્જકો, પુરસ્કારો, કટારો, તખલ્લુસ તથા વિવિધ યુગવિભાગોનો સમાવેશ
- સાહિત્યકારો તથા કૃતિઓને યાદ રાખવા માટેની ટેક્નિક
- ગુજરાતી ભાષા અને સાહિત્યનું સંપૂર્ણ પરીક્ષાલક્ષી પુસ્તક

સંપાદક
મૌલિક ગોધિયા

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

Rs. 270/-

અનુક્રમણિકા

ભાગ-1 ગુજરાતી ભાષા અને સાહિત્ય અંગેની પરીક્ષાલક્ષી વિશેષ માહિતી

01 .... ગુજરાતી ભાષા
08 .... ગુજરાતી ભાષાકોશ
10 .... ગુજરાતી સાહિત્ય જગતને પોષતી પ્રસિદ્ધ સાહિત્ય સંસ્થાઓ
15 .... પ્રસિદ્ધ સાહિત્ય સંસ્થા અને તેના દ્વારા પ્રગટ થતાં સામયિક
17 .... સાહિત્ય ક્ષેત્રે એનાયત થતા પુરસ્કારો વિશે પરીક્ષાલક્ષી મહત્ત્વની માહિતી
30 .... વર્તમાનપત્રમાં પ્રકાશિત થતી પ્રસિદ્ધ લેખકોની પરીક્ષાલક્ષી મહત્ત્વની કટારો (કોલમો)
31 .... અગાઉની સ્પર્ધાત્મક પરીક્ષામાં પૂછાઈ ગયેલા પ્રશ્નો (પ્રકરણ 1 થી 6 અંગેના)
33 .... ગુજરાતી ભાષાની પરીક્ષાલક્ષી મહત્ત્વની પ્રથમ કૃતિઓ
35 .... મહત્ત્વના ગુજરાતી સર્જકો અને તેમને પ્રાપ્ત થયેલા બિરુદો
38 .... ગુજરાતી સાહિત્યના પરીક્ષાલક્ષી ખૂબ જ મહત્ત્વના સર્જકો અને તેમના તખલ્લુસ
44 .... ગુજરાતી સાહિત્યના પરીક્ષાલક્ષી ખૂબ જ મહત્ત્વના પાત્રો

DEMO COPY

ભાગ - 2
મધ્યકાલીન યુગ

46 મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય વિશેની પરીક્ષાલક્ષી મહત્ત્વની માહિતી
48 મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના મુખ્ય સાહિત્ય સ્વરૂપોનો પરીક્ષાલક્ષી પરિચય
61 મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના મુખ્ય સર્જકોનો પરિચય

1 નરસિંહ મહેતા	4 અખો	7 પ્રીતમ (પ્રીતમદાસ)
2 ભાલણ	5 પ્રેમાનંદ	8 વલ્લભ મેવાડો
3 મીરાંબાઈ	6 શામળ	9 દયારામ

86 મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના કેટલાક મહત્ત્વના સર્જકોનો પરિચય

1 હેમચંદ્રાચાર્ય	3 આનંદઘન	5 ધીરા ભગત	7 જીવણ સાહેબ (દાસીજીવણ)
2 અસાઈત ઠાકર	4 ભોજા ભગત	6 બાપુસાહેબ ગાયકવાડ	8 ભાણદાસ

91 મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય કવિઓનો પરિચય

1 શ્રી સહજાનંદ સ્વામી
2 બ્રહ્માનંદ સ્વામી
3 નિષ્કુળાનંદ સ્વામી
4 દેવાનંદ સ્વામી
5 મુક્તાનંદ સ્વામી
6 પ્રેમાનંદ સ્વામી

95 મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની સ્ત્રી કવયિત્રીઓનો પરિચય

1 ગંગાસતી
2 ગવરીબાઈ
3 પુરીબાઈ
4 દિવાળીબાઈ
5 કૃષ્ણાબાઈ

97 મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના અન્ય સર્જકો

1 કવિ પદ્મનાભ
2 માંડણ બંધારો
3 કવિ નાકર
4 કવિ શ્રીધર
5 કવિ કેશવદાસ
6 કવિ વિષ્ણુદાસ
7 કવિ રત્નો
8 કવિ ગિરધર

100 મહત્ત્વના મધ્યકાલીન ગુજરાતી સાહિત્યકારોના જન્મ સ્થળ

101 મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના અગાઉની પરીક્ષામાં પૂછાઈ ગયેલા પ્રશ્નો

DEMO COPY

ભાગ - 3
અર્વાચીનયુગ

103 અર્વાચીન ગુજરાતી સાહિત્ય

104 અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં કોનું શું પ્રસિદ્ધ છે ?

105 અર્વાચીન ગુજરાતી સાહિત્યના મુખ્ય સાહિત્ય સ્વરૂપોનો પરિચય

* સુધારકયુગ અથવા સંસાર સુધારાયુગ અથવા દલપત-નર્મદયુગ *

109 સુધારકયુગ અથવા સંસાર સુધારાયુગ અથવા દલપત–નર્મદયુગના મહત્ત્વના સર્જકો

1 દલપતરામ
2 નર્મદ
3 નંદશંકર મહેતા
4 નવલરામ પંડયા
5 મહીપતરામ નીલકંઠ
6 રણછોડભાઈ ઉદયરામ દવે

116 સુધારકયુગ અથવા સંસાર સુધારાયુગ અથવા દલપત–નર્મદયુગના અન્ય સર્જકો

1 એલેકઝાન્ડર ફાર્બસ
2 દુર્ગારામ મહેતાજી
3 કરસનદાસ મૂળજી
4 ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ
5 શ્રીમદ્ રાજચંદ્ર
6 શ્રીરંગ અવધૂત
7 હરગોવિંદ કાંટાવાળા
8 કેખુશરો કાબરાજી

✳ પંડિતયુગ અથવા સમન્વયયુગ અથવા ગોવર્ધનયુગ અથવા સાક્ષરયુગ ✳

119 પંડિતયુગ અથવા સમન્વયયુગ અથવા ગોવર્ધનયુગ અથવા સાક્ષરયુગના મહત્ત્વના સર્જકો

1 ગોવર્ધનરામ ત્રિપાઠી	5 રમણભાઈ નીલકંઠ	9 કવિ કલાપી	13 કવિ બોટાદકર
2 બાલાશંકર કંથારિયા	6 આનંદશંકર ધ્રુવ	10 કવિ ન્હાનાલાલ	14 શયદા
3 મણિલાલ દ્વિવેદી	7 કેશવ હર્ષદ ધ્રુવ	11 બ.ક.ઠાકોર	15 રણજિતરામ મહેતા
4 નરસિંહરાવ દિવેટિયા	8 કવિ કાન્ત	12 ખબરદાર	

133 પંડિતયુગ અથવા સમન્વયયુગ અથવા ગોવર્ધનયુગ અથવા સાક્ષરયુગના અન્ય સર્જકો

1 ત્રિભુવન પ્રેમશંકર	3 જન્મશંકર બુચ	5 દેશળજી પરમાર	7 ડાહ્યાભાઈ ધોળશાજી
2 ડાહ્યાભાઈ દેરાસરી	4 હરિ હર્ષદ ધ્રુવ	6 કેશવ હ. શેઠ	8 મૂળશંકર મૂલાણી

✳ ગાંધીયુગ અથવા મોહનયુગ ✳

135 ગાંધીયુગ અથવા મોહનયુગના મહત્ત્વના સર્જકો

1 ગાંધીજી	9 રા. વિ. પાઠક	17 ધનસુખલાલ મહેતા	25 પંડિત સુખલાલજી
2 કાકાસાહેબ કાલેલકર	10 સુન્દરમ્	18 સ્નેહરશ્મિ	26 ગિજુભાઈ બધેકા
3 કિશોરલાલ મશરૂવાળા	11 ઉમાશંકર જોશી	19 કૃષ્ણલાલ શ્રીધરાણી	27 જ્યોતીન્દ્ર દવે
4 મહાદેવભાઈ દેસાઈ	12 ચંદ્રવદન મહેતા	20 હરિશ્ચંદ્ર ભટ્ટ	28 ડો. જયન્ત ખત્રી
5 સ્વામી આનંદ	13 જયંતિ દલાલ	21 મનસુખલાલ ઝવેરી	29 'ગની' દહીંવાલા
6 કનૈયાલાલ મુનશી	14 ઝવેરચંદ મેઘાણી	22 કરસનદાસ માણેક	30 કે. કા. શાસ્ત્રી
7 રમણભાઈ દેસાઈ	15 ગુણવંતરાય આચાર્ય	23 સુંદરજી બેટાઈ	31 યશવંત શુક્લ
8 ધૂમકેતુ	16 ચુનીલાલ શાહ	24 વિશ્વનાથ ભટ્ટ	32 વિદ્યાબહેન નીલકંઠ

DEMO COPY

158 ગાંધીયુગ અથવા મોહનયુગના અન્ય સર્જકો

1 ભાનુશંકર બા. વ્યાસ	6 વિષ્ણુપ્રસાદ ત્રિવેદી	11 મનુભાઈ જોધાણી	16 નગીનદાસ પારેખ
2 પ્રજારામ રાવળ	7 વિજયરાય વૈદ્ય	12 જયશંકર સુંદરી	17 ભોગીલાલ ગાંધી
3 મગનભાઈ પટેલ	8 ડોલરરાય માંકડ	13 દુલા ભાયા કાગ	18 રમણલાલ સોની
4 દુર્ગેશ શુક્લ	9 અનંતરાય રાવળ	14 આસિમ રાંદેરી	19 જીવરામ જોશી
5 રસિકલાલ પરીખ	10 બાલાભાઈ દેસાઈ	15 વજુ કોટક	20 મુરલી ઠાકુર

✳ અનુગાંધીયુગ ✳

165 **અનુગાંધીયુગના મહત્ત્વના સર્જકો**

1 મનુભાઈ પંચોળી
2 પન્નાલાલ પટેલ
3 ઈશ્વર પેટલીકર
4 ચુનીલાલ મડિયા
5 શિવકુમાર જોશી
6 ગુલાબદાસ બ્રોકર
7 કિશનસિંહ ચાવડા
8 નાનાભાઈ ભટ્ટ
9 પ્રહ્લાદ પારેખ
10 રાજેન્દ્ર શાહ
11 નિરંજન ભગત
12 બાલમુકુંદ દવે
13 નટવરલાલ પંડ્યા
14 જયન્ત પાઠક
15 પ્રિયકાન્ત મણિયાર
16 હરીન્દ્ર દવે
17 સુરેશ દલાલ
18 મનુભાઈ ત્રિવેદી
19 મકરન્દ દવે
20 હસમુખ પાઠક
21 શેખાદમ આબુવાલા
22 કુંદનિકા કાપડિયા
23 નારાયણભાઈ દેસાઈ
24 વેણીભાઈ પુરોહિત

182 **અનુગાંધીયુગના અન્ય સર્જકો**

1 પિનાકિન ઠાકોર
2 નલિન રાવળ
3 હેમંત દેસાઈ
4 પીતાંબર પટેલ
5 અમૃત ઘાયલ
6 ધીરુભાઈ ઠાકર
7 અમૃતલાલ યાજ્ઞિક
8 ભૂપત વડોદરિયા

DEMO COPY

✳ આધુનિકયુગ ✳

185 **આધુનિકયુગના મહત્ત્વના સર્જકો**

1 સુરેશ જોશી
2 લાભશંકર ઠાકર
3 ગુલામ મહોમ્મદ શેખ
4 ચંદ્રકાંત શેઠ
5 રાવજી પટેલ
6 મણિલાલ દેસાઈ
7 સિતાંશુ યશશ્ચંદ્ર મહેતા
8 રમેશ પારેખ
9 અનિલ જોશી
10 માધવ રામાનુજ
11 મનોજ ખંડેરિયા
12 ચંદ્રકાંત બક્ષી
13 રઘુવીર ચૌધરી
14 મધુરાય
15 સરોજ પાઠક
16 દિગીશ મહેતા
17 ભગવતીકુમાર શર્મા
18 આદિલ મનસૂરી
19 ચિનુ મોદી
20 રાજેન્દ્ર શુક્લ
21 જોસેફ મેકવાન
22 મોહમ્મદ માંકડ
23 ફાધર વાલેસ
24 હિમાંશી શેલત
25 પન્ના નાયક
26 ધીરુબહેન પટેલ
27 વિનોદ ભટ્ટ
28 જયંતીલાલ ગોહેલ
29 તારક મહેતા
30 ‘શૂન્ય’ પાલનપુરી
31 ડો. કુમારપાળ દેસાઈ
32 અબ્બાસ અબ્દુલઅલી વાસી
33 બકુલ ત્રિપાઠી
34 બરકતઅલી વીરાણી
35 રઈશ મણિઆર
36 ‘જલન’ માતરી
37 ઈજ્જતકુમાર ત્રિવેદી
38 પ્રફુલ્લ દવે (ઈવા ડેવ)
39 ફાધર વાલેસ
40 હરીશ મીનાશ્રુ

209 આધુનિકયુગના અન્ય સર્જકો

1 અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ	6 મહેન્દ્ર મેઘાણી	11 રાધેશ્યામ શર્મા	16 અશ્વિન મહેતા
2 ભોળાભાઈ પટેલ	7 જગદીશ જોશી	12 પ્રીતિ સેન ગુપ્તા	17 અનિલ ચાવડા
3 ચંદ્રકાંત ટોપીવાળા	8 વિનેશ અંતાણી	13 દુર્ગેશ ઓઝા	18 રમણીક સોમેશ્વર
4 મનહર મોદી	9 વાડીલાલ ડગલી	14 નાનાભાઈ જેબલિયા	19 કનૈયાલાલ ભટ્ટ
5 યશવંત ત્રિવેદી	10 મધુસૂદન પારેખ	15 સુધા મૂર્તિ	

215 ...... ગુજરાતી સાહિત્યની પરીક્ષાલક્ષી મહત્ત્વની પંક્તિઓ અને તેના સર્જકો

220 ...... મહત્ત્વના અર્વાચીન ગુજરાતી સાહિત્યકારોના જન્મ સ્થળ

224 ...... અર્વાચીન ગુજરાતી સાહિત્યના અગાઉની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો

238 ...... સાહિત્ય કૃતિઓ યાદ રાખવાની ટેક્નિક

243 ...... ગુજરાત સરકારના પાઠ્યપુસ્તકોમાં સમાવેશ પામેલ વિવિધ સર્જકોની કૃતિઓ (ધોરણ 6 થી 12)

250 ગુજરાત સરકારના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકોમાં જેમની કૃતિઓનો સમાવેશ થયો છે તેવા કેટલાક સર્જકોનો પરિચય

1 હરિવલ્લભ ભાયાણી	11 વિનોદિની નીલકંઠ	21 ડો. હસુ યાજ્ઞિક	31 દિલીપ રાણપુરા
2 દેવજી મોઢા	12 હરિહર ભટ	22 અશોક ચાવડા	32 રતિલાલ બોરીસાગર
3 નટવરલાલ બુચ	13 ઈસ્માઈલ નાગોરી	23 પ્રફુલ્લ રાવલ	33 ધીરુભાઈ પરીખ
4 મુકુન્દરાય પારાશર્ય	14 વસુબહેન ભટ્ટ	24 જોરાવરસિંહ જાદવ	34 ગુણવંત શાહ
5 પૂજાલાલ દલવાડી	15 દરબાર પુંજાવાળા	25 ડો.આઈ.કે.વીજળીવાળા	35 અરવિંદ પંડયા
6 ઈન્દુલાલ ગાંધી	16 મનુબહેન ગાંધી	26 ડો.કિશોરસિંહ સોલંકી	36 ભરત ભટ્ટ
7 નાથાલાલ દવે	17 પ્રવીણ દરજી	27 ધ્રુવ ભટ્ટ	37 મુકેશ જોશી
8 યશવંત પંડયા	18 મહેન્દ્રસિંહ પરમાર	28 ડો.ચંદ્રકાન્ત મહેતા	38 કિશોર મકવાણા
9 રવિશંકર મહારાજ	19 મહેશ યાજ્ઞિક	29 હર્ષ બ્રહ્મભટ્ટ	
10 વિનોબા ભાવે	20 રાજેશ વ્યાસ	30 વર્ષા અડાલજા	

DEMO COPY

39 શરીફા વીજળીવાળા
40 શ્યામ સાધુ
41 પિંકીબહેન પંડયા
42 કનૈયાલાલ રામાનુજ
43 ડો.દર્શના ધોળકિયા
44 કિશોર અંધારિયા
45 શાહબુદ્દીન રાઠોડ
46 ભાણભાઈ ગીડા
47 મનોહર ત્રિવેદી
48 સ્વામી સચ્ચિદાનંદ
49 રાઘવજી માધડ
50 નસીમ મહુવાકર
51 સંતબાલ
52 જયંતીલાલ માલધારી
53 હરીશ મંગલમ્
54 ડૉ. જગદીશ ત્રિવેદી
55 કલ્પેશ પટેલ
56 પુષ્પાબહેન અંતાણી
57 ડૉ. ગંભીરસિંહ ગોહિલ
58 પ્રતાપસિંહ હ. રાઠોડ
59 તુષાર શુક્લ
60 મણિલાલ હ. પટેલ
61 રવીન્દ્રનાથ ટાગોર
62 જવાહરલાલ નહેરુ
63 આત્માર્પિત અપૂર્વજી
64 મોહનલાલ પટેલ
65 ચંદ્રકાંત પંડયા
66 કૈલાસ બાજપેયી
67 શંકર વૈદ્ય
68 એન્ટવ ચેખોવ
69 ધના ભગત

DEMO COPY

ભાગ-1

ગુજરાતી ભાષા અને સાહિત્ય અંગેની પરીક્ષાલક્ષી વિશેષ માહિતી

> આપણી માતૃભાષાને 'ગુજરાતી' એવું નામ સૌપ્રથમ પ્રેમાનંદે આપ્યું છે. પ્રેમાનંદે તેમના અંતિમ અને અપૂર્ણ આખ્યાન 'દશમસ્કંધ'માં કહ્યું છે
>
> 'બાંધુ નાગદમણ ગુજરાતી ભાષા'

DEMO COPY

01 ગુજરાતી ભાષા

➤ ગુજરાતી ભાષા

⇛ આપણી માતૃભાષાને **'ગુજરાતી'** એવું નામ સૌપ્રથમ પ્રેમાનંદે આપ્યું છે.

⇛ પ્રેમાનંદે તેમના અંતિમ અને અપૂર્ણ આખ્યાન **'દશમસ્કંધ'**માં કહ્યું છે –

'બાંધુ નાગદમણ ગુજરાતી ભાષા'

⇛ પ્રેમાનંદ પહેલા ભાલણે ગુજરાતી ભાષાને **'અપભ્રંશ'**, **'ભાષા'** કે **'ગુર્જરભાષા'** તરીકે ઓળખાવી છે.

⇛ પદ્મનાભ અને અખાએ તેને **'પ્રાકૃત'** કહીને ઓળખાવી છે.

⇛ **'ભાષાને શું વળગે ભૂર, રણમાં જીતે તે શૂર'** – ભાષા વિશેની આ પ્રસિદ્ધ પંક્તિ અખાની છે.

➤ ગુજરાતી ભાષાનો ઉદ્‌ભવ

⇛ ગુજરાતી ભાષાના મૂળ ભારતીય–આર્ય (Indo-Aryan) ભાષામાં છે.

⇛ ભારતીય–આર્યમાંથી સંસ્કૃત ભાષાનો ઉદ્દભવ થયો છે.

⇛ સંસ્કૃતમાંથી શૌરસેની પ્રાકૃતનો ઉદ્દભવ થયો હતો.

⇛ શૌરસેની પ્રાકૃતમાંથી ગૌર્જર અપભ્રંશનો ઉદ્દભવ થયો છે.

⇛ અને અંતે ગૌર્જર અપભ્રંશમાંથી આપણી ગુજરાતી ભાષા ઉતરી આવી છે.



DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE FACT

- ગુજરાતી ભાષાના મૂળ ભારતીય આર્ય (Indo-Aryan) ભાષામાં છે.
- ગુજરાતી **સંસ્કૃત** ભાષા પરથી ઉતરી આવી છે.
- ગુજરાતી ભાષા જે પ્રાકૃત પરથી ઉતરી આવી છે તે **'શૌરસેની પ્રાકૃત'** તરીકે ઓળખાય છે.
- ગુજરાતી ભાષા જે અપભ્રંશ પરથી ઉતરી આવી છે તે **'ગૌર્જર અપભ્રંશ'** તરીકે ઓળખાય છે.
- ગુજરાતી અને અપભ્રંશ ભાષા વચ્ચેનો સંબંધ પુત્રી અને માતાનો છે.

➤ ભારતીય-આર્ય

⇛ ભારતીય આર્ય એ ભારતીય ઈરાનીની એક ઉપશાખા છે. જે ભારત યુરોપીય ભાષાકુળમાંથી ઉતરી આવી છે.

⇛ ભારતીય આર્ય એટલે ભારતમાં આવી વસેલા આર્યોની ભાષા.

⇛ ભારતીય આર્યમાંથી સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, હિંદી, મરાઠી, રાજસ્થાની, બંગાળી વગેરે (ઉત્તર ભારતની) ભાષાઓનો વિકાસ થયો છે.

⇛ **ઋગ્વેદ** એ ભારતીય–આર્ય ભાષાનો પ્રાચીનત્તમ ગ્રંથ છે.



ICE Questions (પરીક્ષાલક્ષી મહત્ત્વના પ્રશ્નો)

- આપણી માતૃભાષાને 'ગુજરાતી ભાષા' તરીકે સૌપ્રથમ કોણે ઓળખાવી છે ? – પ્રેમાનંદ
- પ્રેમાનંદે પોતાની કઈ કૃતિમાં આપણી માતૃભાષાને સૌપ્રથમ 'ગુજરાતી ભાષા' તરીકે ઓળખાવી છે ? – દશમસ્કંધ
- 'બાંધુ નાગદમણ ગુજરાતી ભાષા' આ પંક્તિ કોની છે ? – પ્રેમાનંદ
- 'ભાષાને શું વળગે ભૂર, રણમાં જીતે તે શૂર' આ પંક્તિ કોની છે ? – અખો
- ગુજરાતી ભાષાનું મૂળ શેમાં છે ? – ભારતીય આર્ય
- ગુજરાતી ભાષા કઈ ભાષા પરથી ઉતરી આવી છે ? – સંસ્કૃત
- ગુજરાતી ભાષા શેમાંથી ઉદ્ભવી છે ? – અપભ્રંશ
- ગુજરાતી ભાષાની જનેતા કોણ ? – અપભ્રંશ
- ગુજરાતી ભાષા જે અપભ્રંશ પરથી ઉતરી આવી છે તે અપભ્રંશ કયા નામે ઓળખાય છે ? – ગૌર્જર અપભ્રંશ
- ગુજરાતી, હિંદી, સંસ્કૃત વગેરે જેવી ઉત્તરભારતની ભાષાઓનો ઉદ્ભવ શેમાંથી થયો છે ? – ભારતીય આર્ય
- ભારતીય આર્ય ભાષાનો પ્રાચીનત્તમ ગ્રંથ કયો ? – ઋગ્વેદ
- ભારતમાં આવી વસેલા આર્યોની ભાષા એટલે ? – ભારતીય આર્ય
- ગુજરાતી લિપિના મૂળ કઈ લિપિમાં છે ? – બ્રાહ્મી
- ગુજરાતી લિપિનું સર્જન કઈ લિપિમાંથી થયું છે ? – દેવનાગરી
- ભારતની રાષ્ટ્રીય ભાષા હિન્દી કઈ લિપિમાં લખાય છે ? – દેવનાગરી
- કોના અપભ્રંશના દુહાઓથી ગુજરાતી ભાષાનો ઉદય થયો હોવાનું માનવામાં આવે છે ? – હેમચંદ્રાચાર્યના ('સિદ્ધહેમ' નામના વ્યાકરણ ગ્રંથમાંના)
- ભારે ભરખમ શબ્દો, ભાષાની ક્લિષ્ટતા અને દુર્બોધતા એ ગુજરાતી સાહિત્યના કયા યુગની વિશિષ્ટતા છે ? – પંડિત યુગ
- કોના પ્રયત્નોથી આપણી ગુજરાતી ભાષા સરળ, સ્પષ્ટ, શુદ્ધ અને નિરાડંબરી બની છે? – મહાત્મા ગાંધીજી
- ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં બોલાતી બોલી કયા નામે ઓળખાય છે ? – પટ્ટણી
- માન્ય ભાષા ગુજરાતીની સૌથી નજીકની બોલી કઈ છે ? – ચરોતરી
- દક્ષિણ ગુજરાતમાં બોલાતી બોલી ક્યા નામે ઓળખાય છે ? – સુરતી
- ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં કઈ બોલી બોલાય છે ? – ડાંગી, ભીલી
- સોરઠી, ગોહિલવાડી, ઝાલાવાડી અને હાલારી બોલીઓનો સમાવેશ કઈ બોલીમાં થાય છે ? – સૌરાષ્ટ્રી
- બોલીભેદોની દષ્ટિએ ગુજરાતી ભાષાનો પ્રારંભિક છતાં મહત્ત્વનો અભ્યાસ કોણે કર્યો છે ? – ગ્રિઅર્સન
- પ્રાકૃતમાંથી ફેરફાર પામી આવેલી ભાષા કયા નામે ઓળખાય છે ? – અપભ્રંશ
- હિન્દી, તમિલ, તેલુગુ અને કન્નડ ભાષામાંથી કઈ ભાષા દ્રવિડ કુળની ભાષા નથી ? – હિન્દી
- દ્રવિડ કુળની ભાષાઓમાં સૌથી જૂની અને શાસ્ત્રીય ભાષા કઈ છે ? – તમિલ

DEMO COPY ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

05 સાહિત્ય ક્ષેત્રે એનાયત થતા પુરસ્કારો વિશે પરીક્ષાલક્ષી મહત્ત્વની માહિતી

➤ જ્ઞાનપીઠ એવૉર્ડ :

⇛ જ્ઞાનપીઠ એવૉર્ડ એ **સાહિત્યના ક્ષેત્રનો દેશનો સર્વોચ્ચ એવૉર્ડ** છે.

⇛ ઈ.સ. 1965થી **'ભારતીય જ્ઞાનપીઠ'** દ્વારા આ એવૉર્ડ દર વર્ષે ભારતની વિવિધ માન્ય પ્રાદેશિક રાજ્ય ભાષાઓમાંથી કોઈ એક ભાષાના સાહિત્યકારને સાહિત્યસર્જન ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરવા બદલ આ રાષ્ટ્રીય એવૉર્ડ આપવામાં આવે છે.

⇛ ઉદ્યોગપતિ **શાંતિપ્રસાદ જૈન**ના સ્મરણાર્થે **જૈન સાહુ પરિવાર** તરફથી આ એવૉર્ડ આપવામાં આવે છે.

⇛ આ એવૉર્ડમાં 11 લાખ રૂપિયા ધનરાશિ તથા સરસ્વતીની કાંસાની પ્રતિમા અને પ્રશસ્તિપત્ર આપવામાં આવે છે.

⇛ સૌપ્રથમ ઈ.સ. 1965માં મલયાલમ કાવ્યસંગ્રહ **'ઓડક કુઝલ'** (વાંસળી) માટે **શ્રી જી. શંકર કુરૂપ**ને આ એવૉર્ડ આપવામાં આવ્યો હતો.

⇛ જ્ઞાનપીઠ એવૉર્ડ વિજેતા સૌપ્રથમ મહિલા **આશાપૂર્ણા દેવી** છે.

જ્ઞાનપીઠ એવૉર્ડ વિજેતા ગુજરાતી સાહિત્યકારો

ક્રમ	સાહિત્યકાર	કૃતિ	વર્ષ	કેટલામો જ્ઞાનપીઠ પુરસ્કાર
1	ઉમાશંકર જોશી	નિશીથ (કાવ્યસંગ્રહ)	1967	ત્રીજો
2	પન્નાલાલ પટેલ	માનવીની ભવાઈ (નવલકથા)	1985	21મો
3	રાજેન્દ્ર શાહ	ધ્વનિ (કાવ્યસંગ્રહ)	2001	37મો
4	રઘુવીર ચૌધરી	ગુજરાતી સાહિત્યમાં સમગ્ર પ્રદાન બદલ	2015	51મો

નોંધ :1967માં **ઉમાશંકર જોશી**ને **કન્નડ** સર્જક **કુપાલી વેંકટપ્પા પુટપ્પા** સાથે જ્ઞાનપીઠ એવૉર્ડ એનાયત થયો હતો.

➤ રણજિતરામ સુવર્ણચંદ્રક :

⇛ રણજિતરામ સુવર્ણચંદ્રક એ સાહિત્ય ક્ષેત્રે આપવામાં આવતો ગુજરાતી ભાષાનો સર્વોચ્ચ એવૉર્ડ છે.

⇛ ગુજરાતી ભાષા અને સાહિત્યના ક્ષેત્રમાં સ્થાયી અને સારું એવું કામ કરનાર સર્જકને પ્રતિવર્ષ આ એવૉર્ડ આપવામાં આવે છે.

⇛ **'ગુજરાતી સાહિત્ય પરિષદ'** અને **'ગુજરાત સાહિત્ય સભા'**ના આદ્યસ્થાપક **શ્રી રણજિતરામ વાવાભાઈ મહેતા**ના સ્મરણાર્થે આ એવૉર્ડ આપવામાં આવે છે.

⇛ ઈ.સ. 1928થી દરવર્ષે **'ગુજરાત સાહિત્ય સભા'** દ્વારા આ એવૉર્ડ આપવામાં આવે છે.

⇛ ઈ.સ. 1928માં સૌપ્રથમ **શ્રી ઝવેરચંદ મેઘાણી**ને આ એવૉર્ડ આપવામાં આવ્યો હતો.

રણજિતરામ સુવર્ણચંદ્રક પુરસ્કાર વિજેતા સાહિત્યકારો

ક્રમ	સાહિત્યકાર	વર્ષ
1	ઝવેરચંદ મેઘાણી	1928
2	ગિજુભાઈ બધેકા	1929
3	રવિશંકર રાવળ	1930

ક્રમ	સાહિત્યકાર	વર્ષ
4	વિજયરાય વૈદ્ય	1931
5	રમણલાલ વ. દેસાઈ	1932
6	રત્નમણિરાવ જોટે	1933

DEMO COPY

ભાગ-2

મધ્યકાલીન યુગ



DEMO COPY

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ,
જૂજવે રૂપે અનંત ભાસે ;
દેહમાં દેવ તું,
તેજમાં તત્ત્વ તું,
શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે...
'નરસિંહ મહેતા'

14 મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના મુખ્ય સર્જકોનો પરિચય

(1) નરસિંહ મહેતા :

- ⇛ જન્મ : તળાજા(જિ. ભાવનગર)
- ⇛ બિરુદ : આદિકવિ, નરસૈયો, ભક્ત હરિનો
- ⇛ સમય : ઈ.સ. 1414થી 1480 (પંદરમી સદી)
- ⇛ મૃત્યુ : માંગરોળ (જિ. જૂનાગઢ)
- ⇛ પિતા : કૃષ્ણદાસ
- ⇛ માતા : દયાકુંવર
- ⇛ પત્ની : માણેકબાઈ
- ⇛ પુત્ર : શામળદાસ (અથવા શામળશા)
- ⇛ પુત્રી : કુંવરબાઈ
- ⇛ જ્ઞાતિ : વડનાગરા બ્રાહ્મણ
- ⇛ ઉછેર : જૂનાગઢ (મોટાભાઈ બંસીધરને ત્યાં)

➤ જીવન

- ⇛ <u>વલ્લભદાસ</u> રચિત <u>**'શામળદાસનો વિવાહ'**</u> અનુસાર નરસિંહ મહેતાના દાદાનું નામ <u>**પુરુષોત્તમ**</u> હતું. અને તેમનું ગોત્ર <u>**કશ્યપ**</u> હતું.
- ⇛ તેઓ આઠ વર્ષ સુધી બોલી શકતા ન હતા. કોઈ કૃષ્ણ ભક્ત સંતના વરદાનથી તેઓ બોલતા થયા હતા.
- ⇛ તેમનો ઉછેર તેમના દાદી <u>**જયગૌરી**</u> દ્વારા થયો હતો.
- ⇛ નરસિંહ મહેતાને <u>**પરબતદાસ**</u> નામે એક કાકા હતા. જે <u>**માંગરોળ**</u>માં રહેતા હતા.
- ⇛ તેમના માતાપિતા બાળપણમાં જ ગુજરી જવાથી નરસિંહ મહેતાનો ઉછેર <u>**જૂનાગઢ**</u>માં વસતા મોટાભાઈ <u>**બંસીધર**</u>ને ત્યાં થયો હતો.
- ⇛ નરસિંહ મહેતાના લગ્ન 16 વર્ષની ઉંમરે <u>**માણેકબાઈ**</u> સાથે થયા હતા. તેમને <u>**શામળદાસ**</u> નામે એક પુત્ર અને <u>**કુંવરબાઈ**</u> નામે એક પુત્રી એમ કુલ બે સંતાનો હતાં.
- ⇛ નરસિંહ મહેતાના નિરુદ્યમપણાથી કંટાળી તેમના ભાભીએ એક વખત નરસિંહ મહેતાને મહેણું માર્યું હતું. આથી તેમને ખોટું લાગતા નરસિંહ મહેતા જંગલમાં ચાલ્યા ગયા હતા. જયાં તેમણે સાત દિવસ સુધી ખાધા પીધા વગર <u>**ગોપનાથ**</u>માં <u>**શિવજી**</u>ની આરાધના કરી હતી.
- ⇛ અંતે <u>**શિવજી**</u> અથવા તો <u>**ગોપીનાથ મહાદેવ**</u> તેમના ઉપર પ્રસન્ન થયા અને તેમને દર્શન આપ્યા હતા.
- ⇛ આ ઉપરાંત નરસિંહ મહેતાની ઈચ્છા અનુસાર <u>**શિવજી**</u> પોતાની સાથે નરસિંહને <u>**દ્વારિકા**</u> અથવા તો <u>**વૃંદાવન**</u> લઈ ગયા હતા અને ત્યાં તેમણે <u>**શ્રી કૃષ્ણની રાસલીલા**</u>નાં દર્શન કરાવ્યાં હતાં. જયાં રાસલીલા જોવામાં નરસિંહ એવા લીન થઈ ગયા હતા કે તેમના હાથમાં રાખેલી મશાલથી તેમનો હાથ સળગી ગયો હતો. જે ભગવાન કૃષ્ણના સ્પર્શથી પહેલા જેવો જ થઈ ગયો હતો.
- ⇛ ત્યારબાદનું નરસિંહનું જીવન શ્રી કૃષ્ણનું સંકીર્તન કરવામાં જ પસાર થયું હતું.

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

16 મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય કવિઓનો પરિચય

(1) શ્રી સહજાનંદ સ્વામી :

- ⇛ **જન્મ સ્થળ :** છપૈયા (1781), ઉત્તર પ્રદેશ (રામનવમીના દિવસે)
- ⇛ **ઉપનામ** : નીલકંઠ – નીલકંઠવર્ણી
- ⇛ **પિતા** : હરિપ્રસાદ પાંડે (ધર્મદેવ)
- ⇛ **માતા** : બાળાદેવી (પ્રેમવતી)
- ⇛ **ગુરુ** : રામાનંદ સ્વામી
- ⇛ **મૂળનામ** : ઘનશ્યામ પાંડે
- ⇛ **ગુજરાતમાં પ્રવેશ** : લોજ ગામમાં (માંગરોળ પાસે)
- ⇛ **મહત્ત્વની કૃતિઓ** : વચનામૃત, શિક્ષાપત્રી, વેદરહસ્ય કે વેદરસ

ICE FACT

- સહજાનંદસ્વામીએ રામાનુજાચાર્યના **'વિશિષ્ટાદ્વૈત'** સિદ્ધાંતને અનુસર્યો હતો.
- રામાનંદ સ્વામીએ પીપલાણા ગામમાં નીલકંઠવર્ણીને ભાગવતી દીક્ષા આપી અને એમના **'સહજાનંદસ્વામી'** અને **'નારાયણમુનિ'** એવા બે નામ પાડ્યાં.
- સહજાનંદસ્વામી 20 વર્ષની ઉંમરે **જેતપુર** ગાદીના આચાર્ય બન્યાં.
- સહજાનંદસ્વામીએ પોતાના ત્રણ સંકલ્પ પ્રમાણે **વડતાલ** અને **અમદાવાદ**માં ગાદી સ્થાપી અને શતાનંદ મુનિ પાસે **'સત્સંગી જીવન'** નામનો ગ્રંથ તૈયાર કરાવ્યો.
- સહજાનંદ સ્વામીએ **'સત્સંગી જીવન'**માં સ્વહસ્તે લખેલ **'શિક્ષાપત્રી'** દાખલ કરાવી. આ શિક્ષાપત્રી **'અનુષ્ટુપ'** છંદમાં લખાયેલી છે.
- **'વચનામૃત'** એ સહજાનંદ સ્વામીનો ઉપદેશ પ્રવચનોનો ગ્રંથ છે.
- **'વેદરહસ્ય' કે 'વેદરસ'** : સહજાનંદ સ્વામીએ પોતાના શિષ્યોને લખેલા પત્રોમાંથી રચાયેલો ગ્રંથ છે. જેમાં ઈશ્વરની સાથે એકાત્મભાવ અનુભવવા માટેની સમજૂતી છે.

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

(2) બ્રહ્માનંદ સ્વામી :



- ⇛ **સમય** : 1772 થી 1832
- ⇛ **જ્ઞાતિ** : બારોટ (ગઢવી)
- ⇛ **ગામ** : ખાણ(આબુની તળેટીમાં)
- ⇛ **દીક્ષા પછીનું નામ** : શ્રી રંગદાસ, પાછળથી 'બ્રહ્માનંદ' તરીકે ઓળખાયા.

➤ બ્રહ્માનંદ સ્વામીની કૃતિઓ :

- બ્રહ્માનંદ છંદરત્નાવલિ, ઉપદેશ ચિંતામણિ, વિવેક ચિંતામણિ, સતીગીતા, નીતિપ્રકાશ, સુમતિપ્રકાશ, બ્રહ્મવિલાસ.

17 મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની સ્ત્રી કવયિત્રીઓનો પરિચય



(1) ગંગાસતી :

⇛ જન્મ : રાજપરા (જિ. ભાવનગર)
⇛ મૂળનામ : હીરબા
⇛ પિતા : ભાઈજીભાઈ સરવૈયા
⇛ માતા : રૂપાળીબા
⇛ ગુરુ : ભૂધરદાસજી
⇛ જ્ઞાતિ : ગોહિલ–રાજપૂત
⇛ અટક : સરવૈયા
⇛ પતિ : કહળુભા (કહળસંગ) ગોહિલ (ભગત)
⇛ પુત્રી : રાજબા અને હેમકુંવરબા
⇛ પુત્ર : અજુભા (પિતરાઈ ભત્રીજાનો પુત્ર તરીકે ઉછેર કર્યો)
⇛ પુત્રવધૂ : પાનબાઈ (અજુભાના પત્ની)
⇛ સમાધિ : કાળુભાર નદીના કાંઠે (સમઢિયાળા)
⇛ બિરુદ : સોરઠનાં મીરાંબાઈ

➤ ગંગાસતીની કૃતિઓ :

⇛ સોરઠી સંતવાણી, પુરાતન જ્યોત

➤ ગંગાસતીની પ્રસિદ્ધ પંક્તિઓ :

⇛ વીજળીને ચમકારે મોતીડાં પરોવો પાનબાઈ !
અચાનક અંધારાં થાશે જી.
⇛ મેરુ તો ડગે પણ જેનાં મન નો ડગે,
મરને ભાંગી પડે બ્રહ્માંડ રે.
⇛ આઠે પહોર મન મસ્ત થઈ રે વે,
જેને જાગી ગયો તુરિયાનો તાર.
⇛ ઈરે ભગતી કયારે ઉરમાં આવે,
⇛ વિપદ પડે પણ વણસે નહીં,
ઈ તો હરિજનના પરમાણ રે !
⇛ દળી દળીને ઢાંકણીમાં ઊઘરાવવું.

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

20 મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના અગાઉની પરીક્ષામાં પૂછાઈ ગયેલા પ્રશ્નો

⇛ ઓખાહરણના સર્જકનું નામ શું છે ? – પ્રેમાનંદ
⇛ 'જ્યાં સુધી ગુજરાતી ભાષાને ગૌરવ નહિ મળે, ત્યાં સુધી પાઘડી નહિ પહેરું' આ પ્રતિજ્ઞા કોણે કરેલી ?' – પ્રેમાનંદ
⇛ 'ભવાઈ'માં કેવી વાર્તાનો સમાવેશ કરવામાં આવે છે ? – સમાજદર્પણ
⇛ ગુજરાતી સાહિત્યમાં આખ્યાનના પિતા તરીકે કોણ ઓળખાય છે ? – ભાલણ
⇛ દયારામ નામ સાથે કયું સાહિત્ય સ્વરૂપ સંકળાયેલું છે ? – ગરબી
⇛ 'તિલક કરતાં ત્રેપન થયાં, જપમાળાના નાકાં ગયાં' આ પ્રસિદ્ધ પંક્તિના કવિ કોણ છે ? – અખો
⇛ 'આદિ કવિ' તરીકે કોણ જાણીતું છે ? – નરસિંહ મહેતા
⇛ 'નળાખ્યાન'ની રચના કોણે કરી ? – પ્રેમાનંદ
⇛ 'વૈષ્ણવજન તો તેને કહીએ' – આ પંક્તિ કયા કવિની છે ? – નરસિંહ મહેતા
⇛ ''ઓખાહરણ'' કૃતિના સર્જક કોણ છે ? – પ્રેમાનંદ
⇛ ભવાઈના આદ્ય પુરુષ અસાઈત કયા યુગમાં થઈ ગયા ? – સલ્તનત યુગ
⇛ નરસિંહ મહેતાનું જન્મસ્થળ કયું છે ? – તળાજા
⇛ 'કુંવરબાઈનું મામેરું' આખ્યાનકૃતિ કયા કવિની છે ? – કવિ પ્રેમાનંદ
⇛ ગુજરાતી સમાજ અને સ્વભાવનું આલેખન કરનાર મહાકવિ પ્રેમાનંદનું જન્મસ્થળ જણાવો. – વડોદરા
⇛ 'નરસિંહ રા માહ્યરા' કૃતિના રચયિતાનું નામ જણાવો. – મીરાંબાઈ
⇛ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કોના વિશે એવું કહેવાતું, ''રસ નિરુપણમાં કોઈ કવિ તેમના પેંગડામાં પગ નાખી શકે તેમ નથી'' ? – પ્રેમાનંદ
⇛ મીરાંબાઈ કઈ ભક્તિ પરંપરાના હતા ? – મધુરા ભક્તિ
⇛ 'સીતાજીની કાંચળી'ના લેખક કોણ છે ? – ક્રિષ્નાબાઈ
⇛ ઉમાશંકર જોષીએ પોતાના અભ્યાસગ્રંથમાં કોને ક્રાન્તદ્રષ્ટા કવિ કહ્યાં છે ? – અખો
⇛ 'શામળ શાનો વિવાહ' કૃતિના કવિ કોણ ? – નરસિંહ મહેતા
⇛ 'જે કોઈ પ્રેમઅંશ અવતરે' કાવ્યના કવિ કોણ ? – દયારામ
⇛ 'માણભટ્ટ' તરીકે પ્રસિદ્ધિ પામેલા કવિ કયા છે ? – પ્રેમાનંદ
⇛ નરસિંહ મહેતાના પદોમાં કઈ ભક્તિનું નિરૂપણ જોવા મળે છે ? – પ્રેમલક્ષણા
⇛ ભક્તકવિ નરસિંહ મહેતાની આત્મચરિત્રાત્મક રચના જણાવો. – શામળાનો વિવાહ
⇛ ગુજરાતી ભાષામાં ભક્તિગીતો લખવાનો પ્રારંભ કોણે કર્યો ? – નરસિંહ મહેતા
⇛ પદો અને ગરબીઓથી લોકપ્રિય બનેલા કવિશ્રી દયારામ કયાંના વતની હતા ? – ચાણોદ
⇛ ''વૃદ્ધ થયો વંઠયું મનતન, ઉપાય ટળ્યો ને ખૂટયું ધન'' આ પંક્તિના સર્જકનું નામ જણાવો. – અખો
⇛ ગુજરાતી સાહિત્યમાં આખ્યાનના પિતા.............છે. – ભાલણ
⇛ 'ઝઘડો લોચન મનનો' – એ કયું કૃતિ સ્વરૂપ છે ? –ગરબી
⇛ ગુજરાતનો એક લોકપ્રિય નાટયકલાનો પ્રકાર છે ? – ભવાઈ
⇛ 'કાદંબરી'ના રચયિતાનું નામ આપો. – ભાલણ

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

ભાગ-3

અર્વાચીનયુગ

> જ્યારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે,
> ત્યારે પ્રથમ ગઝલની રજૂઆત થઈ હશે.
> પહેલાં પવનમાં ક્યાં હતી આટલી મહેક,
> રસ્તામાં તારી સાથે મુલાકાત થઈ હશે.
>
> 'આદિલ મનસૂરી'

DEMO COPY



(2) કાકાસાહેબ કાલેલકર :



⇛ **જન્મ** : સતારા(મહારાષ્ટ્ર)(1885)

⇛ **વતન** : કાલેલી(સાવંતવાડી, મહારાષ્ટ્ર)(વતન કાલેલી હોવાથી કાલેલકર કહેવાયા)

⇛ **બિરુદ** : કાકાસાહેબ, આજીવન પ્રવાસી, ઉત્તમ નિબંધકાર, સવાઈ ગુજરાતી

⇛ **મૂળનામ** : દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર.

⇛ **મૂળ અટક** : રાજાધ્યક્ષ

➤ કાકાસાહેબ કાલેલકરની મહત્ત્વની કૃતિઓ :

⇛ **નિબંધ** : જીવનનો આનંદ, રખડવાનો આનંદ, જીવનભારતી, જીવનસંસ્કૃતિ, જીવનવિકાસ, ઓતરાતી દીવાલો, જીવનલીલા

⇛ **પ્રવાસગ્રંથ** : હિમાલયનો પ્રવાસ, બ્રહ્મદેશનો પ્રવાસ, પૂર્વ આફ્રિકામાં, ઊગમણો દેશ જાપાન

⇛ **આત્મકથા** : સ્મરણયાત્રા (તેમાં 'આક્કા'નું પાત્ર પ્રસિદ્ધ છે.)

⇛ **ચરિત્ર** : બાપુની ઝાંખી

⇛ **બાળસાહિત્ય** : બે કેરી

➤ કાકાસાહેબ કાલેલકરની અન્ય કૃતિઓ :

⇛ પૂર્ણરંગ, જીવનચિંતન, જીવનપ્રદીપ, જીવતા તહેવારો, ગીતાધર્મ, ઉભયાન્વયી નર્મદા, તાજમહાલ

➤ કાકાસાહેબ કાલેલકરની મહત્ત્વની કૃતિઓનો પરિચય :

DEMO COPY INSTITUTE FOR COMPETITIVE EXAMS

⇛ **જીવનલીલા** : અગાઉ '<u>લોકમાતા</u>' નામે પ્રસિદ્ધ થયેલા નદી વિષયક લેખો '<u>જીવનલીલા</u>'માં સંગ્રહાયા છે.

⇛ **જીવનનો આનંદ** : આ ગ્રંથમાં આકાશદર્શન, પ્રકૃતિદર્શન અને કળાવિચારણાના નિબંધો સંગ્રહાયા છે.

⇛ **રખડવાનો આનંદ** : તેમાં તીર્થધામો અને કલાધામોને લગતા લેખો છે.

⇛ **ઓતરાતી દીવાલો** : તેમાં કીડી–મંકોડા–વંદા, ચકલી–કબૂતર–ખિસકોલી–સમડી–કાગડા, પતંગિયા વગેરેના રસપ્રદ વૃત્તાંત છે.

⇛ **હિમાલયનો પ્રવાસ** : ગુજરાતી સાહિત્યનું નોંધપાત્ર પ્રવાસપુસ્તક, ગુજરાતી સાહિત્યનો ઉત્તમ પ્રવાસ ગ્રંથ છે.

⇛ **સ્મરણયાત્રા** : બાલ્યકાળના સંસ્મરણોનું સુંદર રીતે આલેખન કરતી કાકાસાહેબની નોંધપાત્ર આત્મકથા છે.

ICE FACT

- કર્ણાટકના રહેવાસી અને માતૃભાષાએ મરાઠી કાકાસાહેબ કાલેલકરે ગુજરાતમાં વસી ગુજરાતી ભાષાને ઉત્તમ સ્વરૂપમાં સહજ રીતે પોતાના લખાણોમાં પ્રયોજી હતી. તેથી રાષ્ટ્રપિતા ગાંધીજીએ તેમને '<u>સવાઈ ગુજરાતી</u>'નું બિરુદ આપ્યું હતું.
- ગાંધીવિચારધારાના લેખકોમાં કાકાસાહેબ કાલેલકરનું નામ આગલી હરોળમાં છે.
- કાકાસાહેબ કાલેલકર <u>લલિત નિબંધ</u> માટે પ્રસિદ્ધ છે. ગુજરાતી ગદ્યમાં લલિત નિબંધ એ કાકાસાહેબનું મહત્ત્વનું અર્પણ ગણાયું છે.
- કાકાસાહેબે લલિત નિબંધનું નવલું રૂપ ગુજરાતી નિબંધ સાહિત્યમાં ઉમેર્યું છે.
- '<u>ગૂજરાત વિદ્યાપીઠ</u>'ના <u>કુલપતિ</u> રહેનાર સર્જક.
- કાલેલકર '<u>આજીવન પ્રવાસી</u>' તરીકે જાણીતા છે.
- નદી '<u>લોકમાતા</u>' છે તેવું કહેનાર સર્જક.

32 આધુનિકયુગના મહત્ત્વના સર્જકો

(1) સુરેશ જોશી :

⇛ **જન્મ** : વાલોડ (જિ. સુરત) (1920)
⇛ **બિરુદ** : **'વિદગ્ધ પ્રયોગવીર'** (ધીરુભાઈ પરીખે આપ્યું), આધુનિકતાના આચાર્ય
⇛ **પિતા** : હરિપ્રસાદ જોશી



➤ સુરેશ જોશીની મહત્ત્વની કૃતિઓ :

⇛ **કાવ્યસંગ્રહ** : ઉપજાતિ, પ્રત્યંચા, ઈતરા
⇛ **નવલકથા** : છિન્નપત્ર, મરણોત્તર
⇛ **નવલિકા** : ગૃહપ્રવેશ, બીજી થોડીક, અપિ ચ, ન તત્ર સૂર્યો ભાતિ
⇛ **નિબંધ** : જનાન્તિકે
⇛ **પ્રસિદ્ધ વાર્તા** : થીગડું, ગૃહપ્રવેશ, કુરુક્ષેત્ર
⇛ **સામાયિક** : ઊહાપોહ, એતદ્, ક્ષિતિજ ઉપરાંત ફાલ્ગુની, વાણી, મનીષા વગેરે સામયિકો ચલાવનાર.

➤ સુરેશ જોશીની અન્ય કૃતિઓ :

⇛ **નિબંધ** : ઈદમ્ સર્વમ્, અહોબત કિમ્ આશ્ચર્યમ્, પંચામૃત, સંચય, કવિતા–પરકીયા, ભોંયતળિયાનો આદમી
⇛ **નવલિકા** : એકદા, નૈમિષારણ્યે
⇛ **વિવેચન** : 'કિંચિત્', ગુજરાતી કવિતાનો આસ્વાદ, કાવ્યચર્ચા, અરણ્યરુદન, કથોપકથન, શ્રુણવન્તુ, અષ્ટમોધ્યાય, ચિન્તયામિ મનસા.
⇛ **સંશોધન** : મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કાવ્યધારાની ભૂમિકા
⇛ **સંપાદન** : નરહરિની જ્ઞાનગીતા, નવોન્મેષ, ગુજરાતી સર્જનાત્મક ગદ્ય : એક સંકલન

ICE FACT

- ગુજરાતી સાહિત્યમાં પૂર્ણતયા આધુનિકતાના હિમાયતી અને એ માટે સાહિત્યમાં પ્રચંડ આંદોલન ઊભું કરનાર સુરેશ જોશી **'આધુનિકતાના આચાર્ય'** તથા **'આધુનિક યુગના અગ્રયાયી'** તરીકે પ્રસિદ્ધ છે.
- **'આધુનિક યુગના અગ્રણી'** સુરેશ જોશીનું અવસાન કિડનીની બીમારીના કારણે થયું હતું.
- **'ઉપજાતિ'**, સુરેશ જોશીનો પ્રથમ કાવ્ય સંગ્રહ છે. **'ઉપજાતિ'** કાવ્યસંગ્રહની બધી રચનાઓ ઉપજાતિ છંદમાં જ રચાયેલી છે.
- સુરેશ જોશી **'ઉપજાતિ'** કાવ્યસંગ્રહ રદ કરીને **'પ્રત્યંચા'** કાવ્યસંગ્રહ આપે છે.
- **'ગૃહપ્રવેશ'** સુરેશ જોશીનો પ્રથમ વાર્તાસંગ્રહ છે. જે નવા પ્રયોગો અને ટેક્નીક સાથે પ્રસિદ્ધ થયો હતો.
- **'છિન્નપત્ર'** નવલકથાને સુરેશ જોશીએ **'લખવા ધારેલી નવલકથાનો મુસદ્દો'** કહીને ઓળખાવી છે. માલા, અજય અને લીલા છિન્નપત્રના મુખ્યપાત્રો છે.
- **'જનાન્તિકે'** દ્વારા સુરેશ જોશીએ ઉત્તમ લલિતનિબંધો આપ્યા છે.

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

35 મહત્ત્વના અર્વાચીન ગુજરાતી સાહિત્યકારોના જન્મ સ્થળ

મહત્ત્વના અર્વાચીન ગુજરાતી સાહિત્યકારોના જન્મ સ્થળ

સર્જકનું નામ	જન્મ સ્થળ
દલપતરામ	વઢવાણ(જિ. સુરેન્દ્રનગર)
નર્મદ	સુરત
નંદશંકર મહેતા	સુરત
નવલરામ પંડ્યા	સુરત
મહીપતરામ રૂપરામ	સુરત
રણછોડભાઈ ઉદયરામ દવે	મહુધા(જિ. ખેડા)
એલેકઝાન્ડર ફાર્બસ	લંડન
દુર્ગારામ મહેતાજી	સુરત
કરસનદાસ મૂળજી	સુરત
ઈચ્છારામ સુર્યરામ	સુરત
શ્રીમદ્ રાજચંદ્ર	વવાણિયા(જિ. મોરબી)
શ્રીરંગ અવધૂત	ગોધરા(જિ. પંચમહાલ)
ગોવર્ધનરામ ત્રિપાઠી	નડિયાદ(જિ. ખેડા)
બાલાશંકર કંથારિયા	નડિયાદ(જિ. ખેડા)
મણિલાલ નભુભાઈ દ્વિવેદી	નડિયાદ(જિ. ખેડા)
નરસિંહરાવ દિવેટિયા	અમદાવાદ
રમણભાઈ નીલકંઠ	અમદાવાદ
આચાર્ય આનંદશંકર ધ્રુવ	અમદાવાદ
કેશવ હર્ષદ ધ્રુવ	બહિયલ(જિ. ગાંધીનગર)
કવિ કાન્ત	ચાવંડ(જિ. અમરેલી)
કવિ કલાપી	લાઠી(જિ. અમરેલી)
કવિ ન્હાનાલાલ	અમદાવાદ
બળવંતરાય ક. ઠાકોર	ભરૂચ
અરદેશર ખબરદાર	દમણ
બોટાદકર	બોટાદ
હરજી લવજી દામાણી (શયદા)	પીપળી(જિ. અમદાવાદ)

સર્જકનું નામ	જન્મ સ્થળ
રણજિતરામ વાવાભાઈ મહેતા	સુરત
ગાંધીજી	પોરબંદર
કાકાસાહેબ કાલેલકર	સતારા(મહારાષ્ટ્ર)
કિશોરલાલ મશરૂવાળા	મુંબઈ
મહાદેવભાઈ દેસાઈ	સરસ(સુરત)
સ્વામી આનંદ	શિયાણી(જિ. સુરેન્દ્રનગર)
ક.મા. મુનશી	ભરૂચ
રમણલાલ વસંતલાલ દેસાઈ	શિનોર(જિ. વડોદરા)
ધૂમકેતુ	વીરપુર(જિ. રાજકોટ)
રા.વિ. પાઠક	ગાણોલ
સુન્દરમ્	મિયાંમાતર(જિ. ભરૂચ)
ઉમાશંકર જેઠાલાલ જોશી	બામણા(જિ. સાબરકાંઠા)
ચંદ્રવદન ચીમનલાલ મહેતા	સુરત
જયંતિ દલાલ	અમદાવાદ
ઝવેરચંદ મેઘાણી	ચોટીલા(જિ. સુરેન્દ્રનગર)
ગુણવંતરાય આચાર્ય	જેતલસર(જિ. રાજકોટ)
ધનસુખલાલ મહેતા	વઢવાણ(જિ. સુરેન્દ્રનગર)
સ્નેહરશ્મિ	ચીખલી(જિ. વલસાડ)
કૃષ્ણલાલ શ્રીધરાણી	ઉમરાળા(જિ. ભાવનગર)
હરિશ્ચંદ્ર ભટ્ટ	ઓરપાડ(જિ. સુરત)
મનસુખલાલ ઝવેરી	જામનગર
કરસનદાસ માણેક	કરાંચી(પાકિસ્તાન)
સુંદરજી બેટાઈ	દેવભૂમિ દ્વારિકા
વિશ્વનાથ મગનલાલ ભટ્ટ	ઉમરાળા(જિ. ભાવનગર)
પંડિત સુખલાલજી	વઢવાણ(જિ. સુરેન્દ્રનગર)
હરિવલ્લભ ભાયાણી	મહુવા(જિ. ભાવનગર)

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

37 સાહિત્ય કૃતિઓ યાદ રાખવાની ટેક્નિક

➤ નરસિંહ મહેતા (સુદામાચરિત્ર, હૂંડી, શામળશાનો વિવાહ, કુંવરબાઈનું મામેરું, દાણલીલા, હારસમેનાં પદ)

⇛ નરસિંહ મહેતાએ સુદામા પાસેથી હૂંડી દ્વારા પૈસા મંગાવીને પહેલા શામળશાના વિવાહ કરાવ્યા.

⇛ ત્યારબાદ કુંવરબાઈનું મામેરું ભર્યું અને તેમાં બધાને 'દાણલીલા' (રામલીલા નહિ) પિક્ચર બતાવ્યું.

⇛ અને પિક્ચર પત્યા પછી બધાને હારસમેનાં પદ ગાઈ સંભળાવ્યા.

➤ પ્રેમાનંદ {મદાલસા આખ્યાન (પ્રથમ કૃતિ), અભિમન્યુઆખ્યાન, ઓખાહરણ, નળાખ્યાન, મામેરું, સુદામાચરિત્ર, ચંદ્રહાસ આખ્યાન, રણયજ્ઞ, દશમસ્કંધ (અંતિમ કૃતિ)}

⇛ પ્રેમાનંદે સૌપ્રથમ મદાલસાનો વધ કરીને અભિમન્યુ પાસે ઓખાનું હરણ કરાવ્યું.

⇛ ત્યારબાદ નળને હાથે સુદામાનું મામેરું ભરાવ્યું.

⇛ પછી ચંદ્રનોનાસ કરીને રણમાં યજ્ઞ કર્યો અને યજ્ઞમાં પોતાનું છેલ્લું આખ્યાન 'દશમસ્કંધ' હોમી દીધું.

➤ શામળ {પદ્માવતી (પ્રથમ કૃતિ), ચંદ્રચંદ્રાવતી, મદનમોહના, નંદબત્રીસી, બરાસકસ્તૂરી, સિંહાસન બત્રીસી, સૂડાબહોતેરી (અંતિમ કૃતિ)}

⇛ શામળે સૌપ્રથમ પદ્માવતી સાથે છૂટાછેડા લઈને ચંદ્રચંદ્રાવતી સાથે લગ્ન કર્યા હતા. અને

⇛ ચંદ્રચંદ્રાવતીનો મદનમોહના સાથે ઝઘડો થતા શામળે નંદની બત્રીસી તોડી નાખી અને તેની પાસેથી બ્રશ અને કસ્તૂરી છીનવી લીધી હતી.

⇛ ત્યારબાદ સિંહાસન પર બિરાજમાન થઈને શામળે છેલ્લે 'સૂડાબહોતેરી' નામની પદ્યવાર્તાની રચના કરી હતી.

➤ દયારામ (પ્રેમપરીક્ષા, પ્રેમરસગીતા, રસિકવલ્લભ, પ્રબોધબાવની, અનુભવમંજરી, ભક્તિપોષણ)

⇛ દયારામે પ્રેમનીપરીક્ષા લેવા માટે ગીતાને પ્રેમરસ પાયો.

⇛ આથી દયારામનો રસિકવલ્લભ અને પ્રબોધના બાવન માણસો સાથે ઝઘડો થયો.

⇛ ઝઘડાના આ ખરાબ અનુભવ પછી દયારામે મંજરી સાથે લગ્ન કર્યા અને ભક્તિને પોષણ આપવાનું શરૂ કર્યું.

➤ દલપતરામ (ફાર્બસવિરહ, લક્ષ્મી, મિથ્યાભિમાન, બાપાની પીંપર, ભૂત, દલપતપિંગળ, હુન્નરખાનની ચડાઈ, કાવ્યદોહન)

⇛ દલપતરામે ફાર્બસના વિરહમાં અને લક્ષ્મીનું મિથ્યાભિમાન ઉતારવા તેમના બાપાની પીંપર પરથી ભૂતને ભગાડી દીધુ હતું.

⇛ ત્યારબાદ દલપતરામે પિંગળની મદદથી હુન્નરખાન પર ચડાઈ કરીને 'કાવ્યદોહન' નામનું સામ્રાજ્ય જીતી લીધું હતું.

➤ ન્હાનાલાલ {વસંતોત્સવ (પ્રથમકૃતિ), ઈન્દુકુમાર, વિશ્વગીતા, જયાજયંત, કુરુક્ષેત્ર, કેટલાંક કાવ્યો ભાગ 1થી 3, ચિત્રદર્શનો, ગીત મંજરી, હરિસંહિતા (અંતિમકૃતિ)}

⇛ ન્હાનાલાલે સૌપ્રથમ વસંતોત્સવ દરમિયાન ઈન્દુકુમારને વિશ્વગીતાના પાઠ ભણાવવા જયાજયંત પાસે ટયૂશન રખાવ્યું હતું.

⇛ ત્યારબાદ કુરુક્ષેત્રનું યુદ્ધ લડવા ન્હાનાલાલે કેટલાક કાવ્યોની મિસાઈલ બનાવી અને ચિત્રનું પ્રદર્શન કર્યું.

⇛ ચિત્રના પ્રદર્શનમાં મંજરી પાસે ગીત ગવળાવ્યું અને અંતે ન્હાનાલાલ 'હરિસંહિતા' નામનું મહાકાવ્ય અધૂરું મૂકી અંતરીક્ષયાત્રા પર ચાલ્યા ગયા.

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

38 ગુજરાત સરકારના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકોમાં સમાવેશ પામેલ વિવિધ સર્જકોની કૃતિઓ (ધોરણ 6 થી 12)

ધોરણ - 6માં સમાવેશ પામેલ કૃતિઓ

લેખક/કવિ	પાઠ્યપુસ્તકમાં સમાવેશ પામેલી કૃતિ	આ કૃતિ કયા ગ્રંથમાંથી લેવામાં આવી છે ?	સાહિત્ય પ્રકાર
મણિશંકર રત્નજી ભટ્ટ ‘કાન્ત’	હિંદમાતાને સંબોધન	–	પ્રાર્થનાગીત
ડો. આઈ. કે. વીજળીવાળા	દ્વિદલ	પ્રેમનો પગરવમાંથી	બોધકથા
ધીરુભાઈ પરીખ	રવિશંકર મહારાજ	–	જીવનચરિત્ર
નાથાલાલ દવે	મહેનતની મોસમ	–	પ્રકૃતિગીત
જોરાવરસિંહ જાદવ	લેખણ ઝાલી નો રહી	–	લોકકથા
સંતબાલ	પગલે – પગલે	–	શૌર્યગીત/કૂચગીત
ડો. કિશોરસિંહ સોલંકી	પાદર	સુગંધનો સ્વાદમાંથી	નિબંધ
રતિલાલ બોરીસાગર	એક જાદુઈ પત્રની વાર્તા	–	હાસ્યકથા
ગિરધર	રાવણનું મિથ્યાભિમાન	ગિરધરકૃત રામાયણમાંથી	કથાકાવ્ય
રઘુવીર ચૌધરી	સાગરકાંઠાનો પ્રવાસ	–	પ્રવાસવર્ણન
પિંકીબહેન પંડ્યા	સારા અક્ષર	–	સંવાદ
ઉમાશંકર જોશી	ગુજરાત મોરી મોરી રે	સમગ્ર કવિતામાંથી	ઊર્મિકાવ્ય
કનૈયાલાલ રામાનુજ	માતૃહૃદય	–	વાર્તા
ડો. દર્શના ધોળકિયા	સુગંધ કચ્છની...!	–	પત્ર
રાજેન્દ્ર શાહ	શેરીએ આવે સાદ	મોરપીંછમાંથી	બાળગીત
રવીન્દ્રનાથ ટાગોર અનુવાદક : મહાદેવભાઈ દેસાઈ	કાબુલી	–	વાર્તા
જયંતીલાલ માલધારી	રૂપાળું મારું ગામડું	–	ભાવગીત
હરીશ મંગલમ્	સેવામૂર્તિઃ પરીક્ષિતલાલ મજમુદાર	–	જીવનચરિત્ર

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS